રાજકોટ નજીક આગની બે ઘટનાથી ફાયર બ્રિગેડના જવાનોને દોડધામ વધી પડી

વડવાજડી પાસે ગોપાલ નમકીનના વેરહાઉસ અને રાવકીમાં પ્લાસ્ટિકની ફેક્ટરીમાં આગ

3 ફાયર ફાઈટર્સએ પાણીનો મારો ચલાવી આગ પર કાબૂ મેળવ્યો: સદનસીબે જાનહાનિ ટળી

ભાસ્કર ન્યૂઝ | રાજકોટ

રાજકોટ આસપાસના ઔદ્યોગિક વિસ્તારોમાં ગુરૂવારે બપોરે આગની બે અલગ-અલગ ઘટના સામે આવતાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. જેમાં વડવાજડી-ઈશ્વરીયા રોડ પર આવેલ ગોપાલ નમકીનના જૂના વેરહાઉસમાં તથા રાવકી-તરવડા રોડ પર પીવીસી પ્લાસ્ટિકની કંપનીમાં આગ લાગી હતી. જોકે, ફાયર બ્રિગેડની ટીમએ સમયસર પહોંચી આગ પર કાબૂ મેળવી લેતાં મોટી હોનારત ટળી હતી.

આ બનાવની જાણવા મળતી વિગત મુજબ, કાલાવડ રોડ પર વડવાજડી પાસે આવેલા ગોપાલ નમકીનના જૂના વેરહાઉસના યુનિટમાં ગુરૂવારે બપોરે અચાનક આગ ભભૂકી ઊઠી હતી. વેરહાઉસમાં રાખેલા જૂના કલરના માલસામાનમાં આગ ઝડપથી પકડાતા ધુમાડાના ગોટેગોટા નીકળવા લાગ્યા હતા. ઘટનાની જાણ થતાં જ રાજકોટ ફાયર બ્રિગેડમાંથી એક અને મેટોડાથી બે મળી કુલ 3 ફાયર ફાઈટર સ્થળ પર દોડી ગયા હતા અને પાણીનો સતત મારો ચલાવી આગને સંપૂર્ણપણે કાબૂમાં લીધી હતી.

બીજી તરફ, રાવકી-તરવડા રોડ પર આવેલી પીવીસી પ્લાસ્ટિકની કંપનીમાં પણ કોઈ કારણોસર આગ લાગતાં કર્મચારીઓમાં ભાગદોડ મચી ગઈ હતી. ફાયર બ્રિગેડની ટીમે તાત્કાલિક સ્થળ પર પહોંચી આગ પર કાબૂ મેળવ્યો હતો. આ બંને ઘટનાઓમાં સદનસીબે કોઈ જાનહાનિ થઈ નથી. પરંતુ વેરહાઉસમાં આગ શા કારણે લાગી અને કેટલું આર્થિક નુકસાન થયું છે તે અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.



સવા બે કલાક સુધી આગના લબકારા દેખાયા

વડવાજડી પાસે આવેલા ગોપાલ નમકીના વેરહાઉસમાં બપોરે 12 કલાકે આગ લાગી હતી અને સવા બે સુધી ફાયરના જવાનોએ પાણીનો સતત મારો ચલાવીને આગ પર કાબુ મેળવ્યો હતો. જો કે કોઈ કર્મચારીઓ સમયસર બહાર નીકળી જતાં કોઈ જાનહાનિ થઈ ન હતી. » મહેન્દ્રસિંહ ડાભી, સરપંચ વડવાજડી.

10 વર્ષ સુધી સેવા આપનારા કર્મીઓ કાયમી થવાના હકદાર છે: રાજસ્થાન હાઈકોર્ટ

ભાસ્કર ન્યૂઝ | જોધપુર

રાજસ્થાન હાઈકોર્ટે પશુપાલન વિભાગની વિશેષ અપીલ ફગાવી દેતા જણાવ્યું છે કે, શરૂઆતની નિમણૂકમાં તકનીકી અથવા પ્રક્રિયાગત ખામીઓ હોવા છતાં જે કર્મચારીઓએ 10 વર્ષ કે તેથી વધુ સમય સુધી સતત સેવા આપી દીધી છે, તેઓ નિયમિતીકરણ (કાયમી થવા)ના હકદાર છે. રાજસ્થાન હાઈકોર્ટે સ્પષ્ટ કર્યું છે કે આવા કર્મચારીઓને આ આધાર પર હટાવી શકાય નહીં. કોર્ટે કર્મચારીઓની લાંબા સમયની સેવા અને રોજગારની સ્થિરતાને ધ્યાનમાં રાખીને આ મહત્વપૂર્ણ નિર્ણય આપ્યો છે. આ પશુચિકિત્સા અધિકારીઓની નિમણૂક વર્ષ 2013માં જાહેરાત કરાયેલા પદો પર નક્કી થયેલી પસંદગી પ્રક્રિયા અંતર્ગત થઈ હતી. વિભાગે આશરે ત્રણ વર્ષ બાદ અચાનક તેમની સેવાઓ સમાપ્ત કરી દીધી હતી.

ભાસ્કર APPOINTMENT | ભાસ્કર CLASSIFIED

ટુર્સ & ટ્રાવેલ્સ TOURS & TRAVELS

તીર્થ યાત્રા

ચોક્કસ ઉપડે છે. પાંચ જ્યોર્તિલીંગ ત્ર્યંબકેશ્વર ધુષ્મેશ્વર- પર્લી વૈદ્યનાથ ઓઢાનાગનાથ- ભીમાશંકર મુંબઈ- સાપુતારા 10- નવેમ્બર, 2x1 બસ, 7069579871, 9925727894.

ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ

ગાયત્રી 2x2 સ્લીપર-બસ સપ્ત-જ્યોતિર્લિંગ, દક્ષીણ-ભારત, કલકતા, ગંગાસાગર, જગન્નાથપુરી, કામાખ્યા, નેપાલ/ રોયલ-રાજસ્થાન, નાશીક-શીરડી, મુંબઈ, મહાબળેશ્વર, ઉજ્જૈન, ઓમકાલેશ્વર/ કચ્છ, (ઉપડશે 10-નવેમ્બર) જૂજ-સીટો-બાકી રાજકોટ 9173132114

સર્વિસીસ SERVICES

હોમ સર્વિસ

ઘરબેઠા Online Offline Google Work કરી ડેઈલી પેમેન્ટ નોટાર્ગેટ 9723995896

પ્રોપર્ટી PROPERTY

બીનરહેણાંક- ભાડે/ વેચાણ

200 વારનો સેડ/દુકાન વેચવાનો છે ગોપાલનગર ઢેબર રોડ તથા રોડ ઉપરની દુકાન 350 સ્કવેરફીટ (3) સહજાનંદ એપાર્ટમેન્ટમાં ફ્લેટ (4)જયંત કે જે રોડ ઉપર દુકાન,.9825292186

બીનરહેણાંક- વેચવાનું છે

RATNAGIRI-MAHARASHTRA ૨- ૫- ૧૦ એકર ફાર્મ હાઉસ પ્લોટ તેમજ ૫૦૦ થી ૨૫૦૦- 5000 એકર લેન્ડ ઉપલબ્ધછે. સંપર્ક:- Arvind Patel 9820773986 (Mumbai)

વાહન બજાર AUTOMOBILES

ફોર- વ્હીલર

વેચવાની છે HONDA AMAZE CNG ઓટોમેટીક વન ઓનર, 1450KM, ચાલેલી ફક્ત બે મહીના જુની, નવાની કિંમત કરતા ફાયદા માં આપવાની છે. ફક્ત લેનાર પાર્ટીએજ સંપર્ક કરવો. મો. 9428274855

જ્યોતિષ ASTROLOGY

જ્યોતિષ

દિવ્ય ભાસ્કર સાચી વાત, બેધડક

વાચકોને આ અખબારમાં પ્રસિદ્ધ કોઈપણ જાહેરાતના સંબંધમાં પૈસા મોકલવા, કોઈપણ ખર્ચ ઉઠાવવા અથવા કોઈપણ વાયદા દાવા પર અમલ કરતા પહેલા જરૂરી પૂછપરછ કરવા અને યોગ્ય તપાસ કરવાની સલાહ આપવામાં આવે છે. ડીબી કોર્પ લિમિટેડ જાહેરાતકર્તાઓના ઉત્પાદનો અને સેવાઓ માટે કરાયેલ દાવાની જવાબદારી લેતુ નથી. પ્રકાશક, સંપાદક અને માલિક, - દિવ્ય ભાસ્કર પ્રકાશન સમૂહને કોઈપણ પરિણામ માટે જવાબદાર ગણી શકાશે નહીં.

માં પાતાલદેવી જ્યોતિષ વર્ષોથી સ્થાયી નરેશભાઈ

કાળી ચૌદસની વિશેષ પુજા માટે આજે બુકીંગ કરાવો!

શું તમારે પતિ-પત્ની વચ્ચે ઝઘડા ચાલે છે ?

શત્રુવિજય, છૂટાછેડા, વિદેશયોગ, સાસુ-વહુના ઝઘડા, પાડોશીત્રાસ, સૌતન ત્રાસ સગાઈ - લગ્નમાં વિલંબ, ફસાયેલા નાણા

લેભાગુ જ્યોતિષ, ભુવા, ઢોંગી થી છેતરાયેલા લોકો એકવાર અવશ્ય મુલાકાત લો... એપોઈન્ટમેન્ટ જરૂરી

લવ પ્રોબ્લમ, વિશેષ ઉપાય સ્પે.

ગુમાયનના ગમે તેવા અધુરા, બગડેલા પૈસા, ધક્કા ખાધેલાનું કામ તાત્કાલિક બે દિવસમાં પૂરૂ કરવામાં આવશે !

8511110422 | નવા વાડજ. વિદ્યાપ્રત્ર માર્ગદર્શન



સોશિયલ મીડિયા • આઈટી કાયદામાં ફેરફાર અંગે કેન્દ્રની વિચારણા

સોશિયલ મીડિયા પ્લેટફોર્મની કાનૂની સુરક્ષા હટાવવા કેન્દ્ર સરકારની વિચારણા ચાલુ

એલ્ગોરિધમથી પોસ્ટ ફેલાવતાં પ્લેટફોર્મ પર બાજ નજર

ભાસ્કર ન્યૂઝ | નવી દિલ્હી

કેન્દ્ર સરકાર ફેસબુક, ઈન્સ્ટાગ્રામ, યુટ્યુબ અને એક્સ જેવા સોશિયલ મીડિયા પ્લેટફોર્મને મળેલી કાનૂની છૂટ ખતમ કરવા પર વિચાર કરી રહી છે. અત્યારે આઈટી એક્ટની કલમ 79 હેઠળ કંપનીઓને યુઝર્સની પોસ્ટ, વીડિયો અને બીજા કન્ટેન્ટની કાનૂની જવાબદારીથી કેટલીક શરતો પર સુરક્ષા મળે છે. જેને 'સેફ હાર્બર' કહે છે.

સરકારી અધિકારીઓ અનુસાર, સોશિયલ મીડિયા કંપનીઓ હવે કેવળ કન્ટેન્ટ પહોંચાડવાનું માધ્યમ નથી. તેના એલ્ગોરિધમ નક્કી કરે છે કે કઈ પોસ્ટ વધારે લોકો સુધી પહોંચશે અને કોને ઓછી દેખાડાશે. એવામાં કંપનીઓને કન્ટેન્ટની જવાબદારીથી પૂરી છૂટ દેવા પર પુનર્વિચાર જરૂરી છે. સરકાર આ સુરક્ષા તે સેવાઓ સુધી મર્યાદિત રાખવા પર વિચાર કરી રહી છે, જે બદલાવ કર્યા વગર સંદેશ પહોંચાડે છે. ડીપફેક અને સહમતિ વગર શેર કરાયેલી આપત્તિજનક તસવીરો કે વીડિયો જલ્દી હટાવવા માટે પણ નવી વ્યવસ્થા બની શકે છે.

આવા સંભવિત ફેરફારથી સોશિયલ મીડિયા કંપનીઓની કામગીરી અને જવાબદારીમાં મોટો બદલાવ આવી શકે છે. ખાસ કરીને ખોટી માહિતી, ભ્રામક સમાચાર અને વ્યક્તિગત છબી ખરડતા કન્ટેન્ટ સામે વધુ કડક કાર્યવાહી કરવાની જવાબદારી કંપનીઓ પર આવી શકે છે. આ ઉપરાંત ફરિયાદોના ઝડપી નિકાલ માટે પણ કંપનીઓએ અસરકારક વ્યવસ્થા ઊભી કરવી પડી શકે છે. જોકે હજુ કોઈ અંતિમ નિર્ણય નથી થયો. ફેરફાર માટે આઈટી એક્ટમાં સંશોધન અને સંસદની મંજૂરી જરૂરી થશે.

મેટા પ્લેટફોર્મ પર બાળકોના યૌન શોષણના કન્ટેન્ટ

દિલ્હી પોલીસની સ્પેશિયલ સેલે ફેસબુક અને ઈન્સ્ટાગ્રામ જેવા મેટા પ્લેટફોર્મ પર બાળકોના યૌન શોષણથી જોડાયેલા કથિત કન્ટેન્ટ પ્રસારિત થવાના મામલે એફઆઈઆર દાખલ કરી છે. રાષ્ટ્રીય માનવાધિકાર આયોગના નિર્દેશ પર 8 ઓક્ટોબરે આઈટી એક્ટની ધારા 67 અને 67બી હેઠળ કેસ નોંધાયો છે. ફરિયાદમાં 10 શંકાસ્પદ લિંક અપાઈ છે. પોલીસ તેની તપાસ કરી રહી છે. આયોગના સભ્ય પ્રિયંક કાનૂનગોએ કાર્યવાહીની પુષ્ટિ કરી છે.

ભાસ્કર નોલેજ અમેરિકામાં પોસ્ટ પર કાનૂની સુરક્ષા, યુરોપ-બ્રિટનમાં પ્લેટફોર્મ જવાબદારીના નિયમ

આઈટી એક્ટની ધારા 79 હેઠળ સોશિયલ મીડિયા કંપનીઓને યુઝર્સની પોસ્ટ માટે કેટલીક શરતો પર કાનૂની છૂટ મળે છે. જેને 'સેફ હાર્બર' કહે છે. જોકે ગેરકાયદે કન્ટેન્ટ હટાવવાના આદેશનું પાલન ન કરવા પર આ સુરક્ષા ખતમ થઈ શકે છે.

- **અમેરિકા:** કમ્યુનિકેશન્સ ડિસેન્સી એક્ટ હેઠળ પ્લેટફોર્મને યુઝર્સના કન્ટેન્ટ માટે વ્યાપક કાનૂની સુરક્ષા છે. જોકે આના અપવાદ પણ છે.
- **યુરોપિયન સંઘ:** ગેરકાયદે કન્ટેન્ટ પર કાર્યવાહી, એલ્ગોરિધમમાં પારદર્શિતા જરૂરી છે. ગરબડ પર મોટા પ્લેટફોર્મ પર વૈશ્વિક કારોબારના 6% સુધી દંડ.
- **બ્રિટન:** ગેરકાયદે, બાળકો માટે જોખમકારક કન્ટેન્ટથી બચાવના ઉપાય જરૂરી છે.

» પહેલા પાનાનું અનુસંધાન

બાંગ્લાદેશને...

ચીનની એરફોર્સ બહાર પાકિસ્તાન પાસે જે-સિરીઝ ફાઈટર જેટ્સનો સૌથી મોટો કાફલો છે. પાકિસ્તાન એરફોર્સ પાસે આ જેટનો સૌથી મોટો ફ્લાઈટ ટાઈમ એક્સપિરિયન્સ છે.

ઢાકામાં જોઈન્ટ એક્સચેન્જ પ્રોગ્રામ હેઠળ પાકિસ્તાન એરફોર્સ બાંગ્લાદેશના પાયલટો માટે ઈન્સ્ટ્રક્ટર, રડાર ઈન્ટરસેપ્ટ કંટ્રોલર અને ગ્રાઉન્ડ ક્રૂ ટ્રેનિંગ કોર્સ ચલાવશે. પાકિસ્તાનના એર વાઈસ માર્શલ ઔરંગઝેબ અહમદના નેતૃત્વમાં પાંચ સદસ્યની ટીમ ઢાકા આવી ચૂકી છે. પાકિસ્તાની ટીમે ફ્રન્ટલાઈન ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને બેઝ સુવિધાઓનું મૂલ્યાંકન કર્યું છે. સાથે જ ટેકનિકલ ટ્રેનિંગ અને સિમ્યુલેટર આદાન-પ્રદાનની રૂપરેખા નક્કી કરી છે.

પહેલીવાર હેલ્થ...

કવર ઓછામાં ઓછું 10 લાખ રૂપિયા હતું, જ્યારે ચાર વર્ષ પહેલાં આવી પોલિસીઓ માત્ર 32% હતી.

- યુવાનો સૌથી આગળ: 27.66% પોલિસીઓમાં સૌથી મોટી ઉંમરના વીમાધારક સભ્યની ઉંમર 26થી 35 વર્ષની વચ્ચે અને 22% પોલિસીઓમાં 36થી 45 વર્ષની વચ્ચે હતી. આ બંને જૂથોની સંયુક્ત ભાગીદારી 49.64% રહી છે. આ ઉંમરે પરિવાર અને માતા-પિતાની આર્થિક જવાબદારીઓ વધતી હોય છે.
- મહિલા ખરીદદારોની ભાગીદારી ઓછી: પહેલીવાર પોલિસી ખરીદનારાઓમાં પુરૂષો 82.81% અને મહિલાઓ 17.19% હતી. તે જ સમયે, માત્ર 7.36% નવી પોલિસીઓમાં સૌથી મોટી ઉંમરના વીમાધારક સભ્ય 65 વર્ષથી વધુ ઉંમરના હતા.

આઈઆઈટીયનનું...

આઈઆઈટીમાં એડમિશન 57.8% વધીને 32,063 થી 50,595 થઈ ગયું છે. આઈઆઈએમમાં આ એડમિશન 38.9% વધીને 12,456 અને એનઆઈટીમાં 29.7% વધી 74,457 પર પહોંચ્યું છે. અહેવાલ મુજબ, બેઠકોમાં થયેલા ઝડપી વધારાને કારણે ખાસ કરીને આઈઆઈટી અને એનઆઈટીના પ્લેસમેન્ટ માર્કેટ પર દબાણ વધ્યું છે. દેશમાં ઉચ્ચ શિક્ષણમાં કુલ નામાંકન પણ 2014-15ના 3.42 કરોડથી વધીને 2023-24માં 4.50 કરોડ થઈ ગયું છે.

અડધાથી વધુ યુવા ગ્રેજ્યુએટ ઓછી સ્કીલ વાળી જોબમાં

- પુરુષ ગ્રેજ્યુએટ્સમાં 58.4% ઓછી સ્કીલવાળી નોકરીમાં: 2022માં નોકરી કરી રહેલા યુવા ગ્રેજ્યુએટ્સમાંથી 52.8% યુવાનો ઓછી સ્કીલ ધરાવતું કામ કરી રહ્યા હતા. પુરુષ ગ્રેજ્યુએટ્સમાં આ હિસ્સો હજી વધુ એટલે કે 58.4% હતો.
- 5% યુવાનોને ટેકનિકલ ટ્રેનિંગ: 2025માં 15થી 29 વર્ષના માત્ર 5% યુવાનોને જ ઔપચારિક વ્યવસાયિક અથવા ટેકનિકલ ટ્રેનિંગ મળી હતી. રિપોર્ટમાં અભ્યાસ અને ઉદ્યોગોની જરૂરિયાતો વચ્ચે વધુ સારા તાલમેલની જરૂરિયાત હોવાનું જણાવાયું છે.

આઈઆઈટી અને આઈઆઈએમમાં શિક્ષકોની મોટી અછત

- વિદ્યાર્થીઓ 31.5% વધ્યા, શિક્ષકો માત્ર 17.6%: 2014-2025થી 2023-24 વચ્ચે ઉચ્ચ શિક્ષણમાં વિદ્યાર્થીઓનું નામાંકન 31.5% વધ્યું છે, જ્યારે શિક્ષકોની સંખ્યા માત્ર 17.6% વધીને 17.3 લાખ થઈ છે.
- એનઆઈઆઈટીમાં 29% પદ ખાલી: 2023માં આઈઆઈટીમાં 39%, આઈઆઈએમમાં 31% અને એનઆઈઆઈટીમાં 29% શિક્ષકોના પદ ખાલી હતા. અહેવાલમાં ભલામણ કરવામાં આવી છે કે નવા કોર્સ શરૂ કરતા પહેલા શિક્ષકોની ક્ષમતાની તપાસ કરવી જરૂરી છે.

SBI ભારતીય સ્ટેટ બેંક
સ્ટ્રેસ્ડ એસેટ્સ રીકવરી શાખા : પહેલો માળ, એસબીઆઈ જીમખાના રોડ શાખા,જવાહર રોડ, ત્રિકોણ બાગ પાસે, રાજકોટ-૩૬૦ ૦૦૧

સરફેસી એક્ટ પરિશિષ્ટ-૪ એ હેઠળ સ્થાવર મિલકતો ની વેચાણ નોટિસ (જુઓ નિયમ ૮ (૬) ની જોગવાઈ)

ઈ-હરાજી વેચાણ નોટીસ તારીખ ૩૦.૧૧.૨૦૨૬

સિક્યોરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ અને એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ હેઠળ **સ્થાવર** મિલકતોના વેચાણ માટે ઈ-હરાજી વેચાણ નોટિસ, જે સિક્યુરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ (એન્ફોર્સમેન્ટ રૂલ્સ, ૨૦૦૨) ના નિયમ ૮(૬) ની જોગવાઈ વંચાણે લેતા. આથી જાહેર જનતાને સામાન્ય રીતે અને ખાસ કરીને ઉધારકર્તા (ઓ) અને જામીનદાર (રો) ને નોટિસ આપવામાં આવે છે કે નીચે જણાવેલ **સ્થાવર** મિલકતો સુરક્ષિત લેણદારને ગીરવે મુકેલ/ ચાર્જ કરવામાં આવી છે, જેનો **ભારતીય સ્ટેટ બેંક** સુરક્ષિત લેણદારના અધિકૃત અધિકારી દ્વારા **પ્રત્યક્ષ કબજો** (નીચેના કોષ્ટક મુજબ) લેવામાં આવ્યો છે, તે સુરક્ષિત લેણદારને બાકી રકમની વસુલાત માટે **તા. ૩૦.૧૧.૨૦૨૬ ના રોજ "જ્યાં છે, જેમ છે, જે કાંઈ છે ના આધારે"** ના ધોરણે વેચવામાં આવશે.

ક્રમ નં.	મિલકતનું વર્ણન	વસુલવાપાત્ર લેણી રકમ	કબજાનો પ્રકાર/ તારીખ	ઉધારકર્તા/ જામીનદારોના નામ	ટાઈટલ ડીડ હોલ્ડરના નામ	અનામત કિંમત/ ઈએમડી/ બીડની વધારાની રકમ	નિરીક્ષણની તારીખ અને સમય
૧	**૨ બીએચકે ફ્લેટ :** જેનો વિસ્તાર ૬૧.૯૬ સ્કે.મી., જે ફ્લેટ નં. ૪૦૧, ચોથો માળ, સિલ્વર સ્પ્રીંગ એપાર્ટમેન્ટ, લોહાણા ચાલ સામે, જંકશન પ્લોટ, રાજકોટ - ૩૬૦૦૦૧ ખાતે સ્થિત છે. (Property ID: SBIN200128748003)	તા. ૨૨.૦૮.૨૦૨૨ ની ડિમાન્ડ નોટિસ મુજબની રકમ રૂા. ૩૪,૦૪,૦૮૨ + તેના ઉપરનું વ્યાજ, કોસ્ટ અને ખર્ચાઓ વગેરે. બાદ રીકવરી રકમ, જો હોય તો	પ્રત્યક્ષ કબજો (૦૨.૦૭.૨૦૨૩)	શ્રીમતી આશાબેન મુરલીભાઈ થાવરાણી શ્રી રોહિત મુરલીભાઈ થાવરાણી	શ્રીમતી આશાબેન મુરલીભાઈ થાવરાણી	રૂા. ૨૧,૯૫,૦૦૦ / રૂા. ૨,૧૯,૫૦૦ / રૂા. ૧૦,૦૦૦	૨૧.૧૧.૨૦૨૬ બપોરે ૦૪.૦૦ થી સાંજે ૫.૦૦
૨	**૩ બીએચકે ફ્લેટ :** જેનો વિસ્તાર ૬૪.૧૧ સ્કે.મી., ફ્લેટ નં. ૧૦૧, રાધે કોમ્પ્લેક્ષ, રાજેશ્વર પાર્ક, નાણાવટી ચોક, રાજકોટ - ૩૬૦૦૦૭ ખાતે સ્થિત છે. (Property ID: SBIN200021183050)	તા. ૧૨.૦૪.૨૦૨૪ ની ડિમાન્ડ નોટિસ મુજબની રકમ રૂા. ૩૨,૧૦,૪૦૩ + તેના ઉપરનું વ્યાજ, કોસ્ટ અને ખર્ચાઓ વગેરે. બાદ રીકવરી રકમ, જો હોય તો	પ્રત્યક્ષ કબજો (૨૦.૦૯.૨૦૨૪)	મયુરપુરી રાજેન્દ્રપુરી ગોસ્વામી	મયુરપુરી રાજેન્દ્રપુરી ગોસ્વામી	રૂા. ૩૨,૬૦,૦૦૦ / રૂા. ૩,૨૬,૦૦૦ / રૂા. ૧૦,૦૦૦	૨૧.૧૧.૨૦૨૬ બપોરે ૦૧.૦૦ થી બપોરે ૨.૦૦

ઈ-હરાજીની તારીખ અને સમય : ૩૦.૧૧.૨૦૨૬ સવારે ૧૧:૦૦ થી બપોરે ૪:૦૦ કલાક સુધી - પ્રત્યેક ૧૦ મિનિટના અમર્યાદિત વધારા સહિત, "ઈચ્છુક બિડરો રસ ધરાવતા ઉમેદવારો ભાગ લેવા માટેના પત્ર/ કેવાયસી દસ્તાવેજ/ ઈએમડી પ્રુફ નો પુરાવો ઈ-ઓકશન બંધ થાય તે પહેલા BAANKNET.COM (PSB Alliance) માં પ્રિ-બીડ EMD જમા કરાવી શકે છે. બિડરને BAANKNET.COM બેંક ખાતામાં ચુકવણી પ્રાપ્ત થયા પછી અને ઈ-હરાજી વેબસાઈટમાં આવી માહિતી અપડેટ કર્યા પછી જ પ્રી-બિડ EMD ની ક્રેડિટ આપવામાં આવશે. બેંકિંગ પ્રક્રિયા મુજબ આમાં થોડો સમય લાગી શકે છે અને તેથી બિડર્સને, તેમના હિતમાં, કોઈપણ છેલ્લી ઘડીની સમસ્યાને ટાળવા માટે પ્રિ-બિડ EMD રકમ અગાઉથી સબમિટ કરવાની સલાહ આપવામાં આવે છે".
તમામ મિલકતો માટેના અધિકૃત અધિકારી : શ્રી અરવિંદકુમાર ઓઝા - મોબાઈલ નંબર ૯૦૦૯૩ ૮૧૨૩૬
વિગતો માટે સંપર્ક કરો - શ્રી જયંત મરાઠે - મોબાઈલ નંબર ૭૦૨૮૭ ૮૯૮૮૨

નિયમો અને શરતો : હરાજી અમારી - ઓન-લાઈન પોર્ટલ https://baanknet.com પર છે. ઈ-હરાજી સર્વિસ પ્રોવાઈડર M/s. PSB Alliance Pvt. Ltd. દ્વારા કરવામાં આવશે, જેની રજિસ્ટર્ડ ઓફિસ, ચોથો માળ, મેટ્રો હાઉસ, મહાત્મા ગાંધી રોડ, ધોબી તળાવ, ન્યૂ મરીન લાઈન્સ પાસે, મુંબઈ-૪૦૦૦૨૦ (હેલ્પડેસ્ક નંબર્સ +૯૧૮૨૯૧૨ ૨૦૨૨૦) વેબપોર્ટલ https://baanknet.com પર છે. વેચાણના વિગતવાર નિયમો અને શરતો માટે, કૃપા કરીને સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા, સિક્યોર્ડ ક્રેડિટર વેબસાઈટ https://sbi.bank.in/web/sbi-in-the-news/auction-notices/sarfaesi-and-others માં આપેલી લિંકનો સંદર્ભ લો.

સરફેસી એક્ટ - ૨૦૦૨ અન્વયે ૧૫ દિવસની સ્ટેચ્યુટરી વેચાણ અંગેની નોટિસ

(૧) ઉધારકર્તા/ જામીનદારોને ઉપરોક્ત ઉલ્લેખિત રકમ હરાજીની તારીખ પહેલાં ચૂકવી દેવાની સૂચના આપવામાં આવે છે, જો તે નિષ્ફળ જશે તો મિલકતોની હરાજી કરવામાં આવશે અને બાકીની રકમ જો કોઈ હોય તો તેમની પાસેથી વ્યાજ અને ખર્ચ સાથે કાનૂની રીતે વસુલ કરવામાં આવશે. (૨) જો આવી વિચારણા માટે જમા થયેલી અથવા ચુકવવામાં આવેલી રકમની કુલ રકમ રૂા. ૫૦ લાખ કે તેથી વધુ હોય, તો કલમ 194-1-A હેઠળ લાગુ પડતા TDS ચુકવવાની જવાબદારી સફળ બિડરની રહેશે. Form 26QB ભરીને TDS ઓનલાઈન ફાઈલ કરવો જોઈએ અને Form 16B માં TDS પ્રમાણપત્ર જારી કરવું જોઈએ. ખરીદનાર એ ઈ-હરાજીના ૧૫ દિવસની અંદર સરકારી ખાતામાં આવકવેરો જમા કરાવ્યો હોવાનો પુરાવો રજૂ કરવાનો રહેશે. (૩) બિડીંગની રકમ પર લાગુ પડતો GST બિડર દ્વારા ભોગવવાનો રહેશે.

તારીખ : ૦૬.૧૧.૨૦૨૬, સ્થળ : રાજકોટ (નોંધ : વાદ-વિવાદના કિસ્સામાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલ જાહેરાત માન્ય ગણાશે) **સહી/- અધિકૃત અધિકારી, ભારતીય સ્ટેટ બેંક, રાજકોટ**

SBI ભારતીય સ્ટેટ બેંક
સ્ટ્રેસ્ડ એસેટ્સ રીકવરી શાખા : પહેલો માળ, એસબીઆઈ જીમખાના રોડ શાખા,જવાહર રોડ, ત્રિકોણ બાગ પાસે, રાજકોટ-૩૬૦ ૦૦૧

સરફેસી એક્ટ પરિશિષ્ટ-૪ એ હેઠળ સ્થાવર મિલકતો ની વેચાણ નોટિસ (જુઓ નિયમ ૮ (૬) ની જોગવાઈ)

ઈ-હરાજી વેચાણ નોટીસ તારીખ ૩૦.૧૧.૨૦૨૬

સિક્યોરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ અને એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ હેઠળ **સ્થાવર** મિલકતોના વેચાણ માટે ઈ-હરાજી વેચાણ નોટિસ, જે સિક્યુરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ (એન્ફોર્સમેન્ટ રૂલ્સ, ૨૦૦૨) ના નિયમ ૮(૬) ની જોગવાઈ વંચાણે લેતા. આથી જાહેર જનતાને સામાન્ય રીતે અને ખાસ કરીને ઉધારકર્તા (ઓ) અને જામીનદાર (રો) ને નોટિસ આપવામાં આવે છે કે નીચે જણાવેલ **સ્થાવર** મિલકતો સુરક્ષિત લેણદારને ગીરવે મુકેલ/ ચાર્જ કરવામાં આવી છે, જેનો **ભારતીય સ્ટેટ બેંક** સુરક્ષિત લેણદારના અધિકૃત અધિકારી દ્વારા **પ્રત્યક્ષ કબજો** (નીચેના કોષ્ટક મુજબ) લેવામાં આવ્યો છે, તે સુરક્ષિત લેણદારને બાકી રકમની વસુલાત માટે **તા. ૩૦.૧૧.૨૦૨૬ ના રોજ "જ્યાં છે, જેમ છે, જે કાંઈ છે ના આધારે"** ના ધોરણે વેચવામાં આવશે.

ક્રમ નં.	મિલકતનું વર્ણન	વસુલવાપાત્ર લેણી રકમ	કબજાનો પ્રકાર/ તારીખ	ઉધારકર્તા/ જામીનદારોના નામ	ટાઈટલ ડીડ હોલ્ડરના નામ	અનામત કિંમત/ ઈએમડી/ બીડની વધારાની રકમ	નિરીક્ષણની તારીખ અને સમય
૧	**બધા ભાગ અને અંશ સહિતનો રહેણાંક ફ્લેટ નં. ૭૦૪ :** જેનો બિલ્ટઅપ વિસ્તાર ૫૨.૦૪ સ્કે.મી. અર્થાત ૫૬૦.૦૦ સ્કે. ફુટ, અને સુપરબિલ્ટઅપ વિસ્તાર ૭૭૭.૦૦ સ્કે. ફુટ, સાતમો માળ, 'એ' વીંગ, 'સંવેદના હાઈટ્સ', કુલ ૧૦૩૮૦.૦૦ સ્કે.મી. ની સિંગલ પ્લોટ અને કોમન પ્લોટ જમીન ઉપર બંધાયેલ, ગામ વાજડી વડ, રેવન્યુ સર્વે નં. ૬૫ (નવા સર્વે નં. ૮૯), તા. લોધિકા, જી. રાજકોટ, ગુજરાત રાજ્ય ખાતે સ્થિત છે. [Property ID: SBIN200056512380]	તા. ૨૨.૦૩.૨૦૨૪ ની ડિમાન્ડ નોટિસ મુજબની રકમ રૂા. ૧૭,૭૬,૨૭૦.૮૯ + તેના ઉપરનું વ્યાજ, કોસ્ટ અને ખર્ચાઓ વગેરે. બાદ રીકવરી રકમ, જો હોય તો	પ્રત્યક્ષ કબજો (૦૮.૧૨.૨૦૨૪)	શ્રીમતી રંજનબેન રાજેશભાઈ પારેખ અને શ્રી રાજેશભાઈ અમૃતલાલ પારેખ	શ્રીમતી રંજનબેન રાજેશભાઈ પારેખ અને શ્રી રાજેશભાઈ અમૃતલાલ પારેખ	રૂા. ૧૫,૫૦,૦૦૦ / રૂા. ૧,૫૫,૦૦૦ / રૂા. ૧૦,૦૦૦	૨૪.૧૧.૨૦૨૬ બપોરે ૧૧.૦૦ થી બપોરે ૧૨.૦૦
૨	**બધા ભાગ અને અંશ સહિતનો રહેણાંક ફ્લેટ નં. એ-૨૦૨ :** જેનો બિલ્ટઅપ વિસ્તાર ૩૦.૧૭ સ્કે.મી., 'અંજલી પેલેસ' બહુમાળી બિલ્ડીંગ નો બીજો માળ, પ્લોટ નં. ૪, શાંતિનગર-૨, નાગેશ્વર પાર્શ્વનાથ મંદિર પાસે, જામનગર રોડ, ઘંટેશ્વર, રાજકોટ, રે.સ. નં. ૨૮/ પી-૪, તા. ૧૦.૦૩.૨૦૧૭ના વેચાણ દસ્તાવેજ નં. ૧૧૨૬ અને તા. ૧૪.૦૩.૨૦૧૮ના મોર્ગેજ ડીડ નં. ૨૦૦૨, રાજકોટ-૩૬૦૦૦૫ ખાતે સ્થિત છે. [Property ID: SBIN200019502829]	તા. ૦૭.૦૮.૨૦૨૩ ની ડિમાન્ડ નોટિસ મુજબની રકમ રૂા. ૧૦,૨૨,૨૧૩ + તેના ઉપરનું વ્યાજ, કોસ્ટ અને ખર્ચાઓ વગેરે. બાદ રીકવરી રકમ, જો હોય તો	પ્રત્યક્ષ કબજો (૧૨.૧૦.૨૦૨૩)	શ્રી અશ્વીન એન. ચૌહાણ અને શ્રીમતી સોનલબેન અશ્વીનભાઈ ચૌહાણ	શ્રી અશ્વીન એન. ચૌહાણ અને શ્રીમતી સોનલબેન અશ્વીનભાઈ ચૌહાણ	રૂા. ૯,૭૪,૦૦૦ / રૂા. ૯૭,૪૦૦ / રૂા. ૧૦,૦૦૦	૨૪.૧૧.૨૦૨૬ બપોરે ૧૨.૩૦ થી બપોરે ૧.૩૦
૩	**બધા ભાગ અને અંશ સહિતનો રહેણાંક ફ્લેટ નં. ૪૦૧ :** જેનો બિલ્ટઅપ વિસ્તાર ૬૦.૦૦ સ્કે.મી., 'અવધ રેસીડેન્સી' બિલ્ડીંગનો ચોથો માળ, ૫૭૬-૦૦ સ્કે.મી. ની જમીન, પ્લોટ નં. ૨૪ અને ૨૫, કુલ જમીનનો વિસ્તાર એકર ૩૫-૩૯ ગુંઠા, રેવન્યુ સર્વે નં. ૨૮ પૈકી, ગામ ઘંટેશ્વર, તાલુકો અને જી. રાજકોટ ખાતે સ્થિત છે. [Property ID: SBIN200037162295]	તા. ૨૬.૦૭.૨૦૨૩ ની ડિમાન્ડ નોટિસ મુજબની રકમ રૂા. ૨૨,૧૨,૧૩૩.૭૭ + તેના ઉપરનું વ્યાજ, કોસ્ટ અને ખર્ચાઓ વગેરે. બાદ રીકવરી રકમ, જો હોય તો	પ્રત્યક્ષ કબજો (૧૪.૦૪.૨૦૨૪)	શ્રી કૈલાશ ભવરભાઈ લોહાર	શ્રી કૈલાશ ભવરભાઈ લોહાર	રૂા. ૨૦,૩૫,૦૦૦ / રૂા. ૨,૦૩,૫૦૦ / રૂા. ૧૦,૦૦૦	૨૪.૧૧.૨૦૨૬ બપોરે ૩.૦૦ થી સાંજે ૪.૦૦
૪	**બધા ભાગ અને અંશ સહિતનું રહેણાંક મકાન :** જે 'અનમોલ પાર્ક-બી', માંડા ડુંગર, પીર દરગાહ પાસે, ૮/બી નેશનલ હાઈવે, રાજકોટ રે.સ. નં. ૧૯૪ પી ૬, સબ પ્લોટ નં. ૧ થી ૪/૨, પ્લોટનો વિસ્તાર ૫૪.૬૪ સ્કે.મી., સીટી સર્વે વોર્ડ નં. ૧૨/૨, સીટી સર્વે નં. ૪૪૩૫/બી થી ૪/ ૧/ ૨, તાલુકો અને જી. રાજકોટ ખાતે સ્થિત છે. [Property ID: SBIN200022057304]	તા. ૧૯.૧૨.૨૦૨૪ ની ડિમાન્ડ નોટિસ મુજબની રકમ રૂા. ૨૪,૨૭,૧૯૯.૦૦ + તેના ઉપરનું વ્યાજ, કોસ્ટ અને ખર્ચાઓ વગેરે. બાદ રીકવરી રકમ, જો હોય તો	પ્રત્યક્ષ કબજો (૦૮.૦૫.૨૦૨૪)	શ્રી સુમાત વેજાણંદભાઈ કોટા અને શ્રીમતી સરલાબેન સુમાતભાઈ કોટા	શ્રી સુમાત વેજાણંદભાઈ કોટા	રૂા. ૨૨,૩૦,૦૦૦ / રૂા. ૨,૨૩,૦૦૦ / રૂા. ૧૦,૦૦૦	૨૪.૧૧.૨૦૨૬ સાંજે ૪.૩૦ થી સાંજે ૫.૩૦

ઈ-હરાજીની તારીખ અને સમય : ૩૦.૧૧.૨૦૨૬ સવારે ૧૧:૦૦ થી બપોરે ૪:૦૦ કલાક સુધી - પ્રત્યેક ૧૦ મિનિટના અમર્યાદિત વધારા સહિત, "ઈચ્છુક બિડરો રસ ધરાવતા ઉમેદવારો ભાગ લેવા માટેના પત્ર/ કેવાયસી દસ્તાવેજ/ ઈએમડી પ્રુફ નો પુરાવો ઈ-ઓકશન બંધ થાય તે પહેલા BAANKNET.COM (PSB Alliance) માં પ્રિ-બીડ EMD જમા કરાવી શકે છે. બિડરને BAANKNET.COM બેંક ખાતામાં ચુકવણી પ્રાપ્ત થયા પછી અને ઈ-હરાજી વેબસાઈટમાં આવી માહિતી અપડેટ કર્યા પછી જ પ્રી-બિડ EMD ની ક્રેડિટ આપવામાં આવશે. બેંકિંગ પ્રક્રિયા મુજબ આમાં થોડો સમય લાગી શકે છે અને તેથી બિડર્સને, તેમના હિતમાં, કોઈપણ છેલ્લી ઘડીની સમસ્યાને ટાળવા માટે પ્રિ-બિડ EMD રકમ અગાઉથી સબમિટ કરવાની સલાહ આપવામાં આવે છે".
તમામ મિલકતો માટેના અધિકૃત અધિકારી : શ્રી અરવિંદકુમાર ઓઝા - મોબાઈલ નંબર ૯૦૦૯૩ ૮૧૨૩૬
વિગતો માટે સંપર્ક કરો - શ્રી ધર્મેશ મહેતા - મોબાઈલ નંબર ૭૬૦૦૦ ૩૫૯૨૮

નિયમો અને શરતો : હરાજી અમારી - ઓન-લાઈન પોર્ટલ https://baanknet.com પર છે. ઈ-હરાજી સર્વિસ પ્રોવાઈડર M/s. PSB Alliance Pvt. Ltd. દ્વારા કરવામાં આવશે, જેની રજિસ્ટર્ડ ઓફિસ, ચોથો માળ, મેટ્રો હાઉસ, મહાત્મા ગાંધી રોડ, ધોબી તળાવ, ન્યૂ મરીન લાઈન્સ પાસે, મુંબઈ-૪૦૦૦૨૦ (હેલ્પડેસ્ક નંબર્સ +૯૧૮૨૯૧૨ ૨૦૨૨૦) વેબપોર્ટલ https://baanknet.com પર છે. વેચાણના વિગતવાર નિયમો અને શરતો માટે, કૃપા કરીને સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા, સિક્યોર્ડ ક્રેડિટર વેબસાઈટ https://sbi.bank.in/web/sbi-in-the-news/auction-notices/sarfaesi-and-others માં આપેલી લિંકનો સંદર્ભ લો.

સરફેસી એક્ટ - ૨૦૦૨ અન્વયે ૧૫ દિવસની સ્ટેચ્યુટરી વેચાણ અંગેની નોટિસ

(૧) ઉધારકર્તા/ જામીનદારોને ઉપરોક્ત ઉલ્લેખિત રકમ હરાજીની તારીખ પહેલાં ચૂકવી દેવાની સૂચના આપવામાં આવે છે, જો તે નિષ્ફળ જશે તો મિલકતોની હરાજી કરવામાં આવશે અને બાકીની રકમ જો કોઈ હોય તો તેમની પાસેથી વ્યાજ અને ખર્ચ સાથે કાનૂની રીતે વસુલ કરવામાં આવશે. (૨) જો આવી વિચારણા માટે જમા થયેલી અથવા ચુકવવામાં આવેલી રકમની કુલ રકમ રૂા. ૫૦ લાખ કે તેથી વધુ હોય, તો કલમ 194-1-A હેઠળ લાગુ પડતા TDS ચુકવવાની જવાબદારી સફળ બિડરની રહેશે. Form 26QB ભરીને TDS ઓનલાઈન ફાઈલ કરવો જોઈએ અને Form 16B માં TDS પ્રમાણપત્ર જારી કરવું જોઈએ. ખરીદનાર એ ઈ-હરાજીના ૧૫ દિવસની અંદર સરકારી ખાતામાં આવકવેરો જમા કરાવ્યો હોવાનો પુરાવો રજૂ કરવાનો રહેશે. (૩) બિડીંગની રકમ પર લાગુ પડતો GST બિડર દ્વારા ભોગવવાનો રહેશે.

તારીખ : ૦૫.૧૧.૨૦૨૬, સ્થળ : રાજકોટ (નોંધ : વાદ-વિવાદના કિસ્સામાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલ જાહેરાત માન્ય ગણાશે) **સહી/- અધિકૃત અધિકારી, ભારતીય સ્ટેટ બેંક, રાજકોટ**